# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૨૭ તા.૧૫-૦૬-૨૦૨૨

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

આથી તમામ મ્યુનિ.પ્રાથમિક તથા ઉચ્ચતર પ્રાથમિક શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે ભારત સરકારના માનવ સંસાધન અને વિકાસ વિભાગ(MHRD)દ્વારા વર્ષ ૨૦૨૧-૨૨માં UDISE વિસ્તૃત કરી ઓનલાઈન UDISE+ (Extended UDISE)કરવામાં આવેલ છે.MHRDની સૂચના અન્વયે વર્ષ ૨૦૨૧-૨૨ની તમામ મ્યુનિ.પ્રાથમિક તથા ઉચ્ચતર પ્રાથમિક શાળાઓની માહિતી UDISE + અંતર્ગત મેળવવાની થાય છે.

સમગ્ર શિક્ષા અભિયાન તેમજ રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષા અભિયાન યોજના અન્વયે જિલ્લા કક્ષા તેમજ રાજ્ય કક્ષાએ પ્રાથમિક,ઉચ્ચતર પ્રાથમિક,માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સ્તરના શૈક્ષણિક આયોજન માટે તૈયાર કરવામાં આવતા વાર્ષિક અંદાજપત્રમાં તથા શૈક્ષણિક નીતિ આયોજન તેમજ શિક્ષણને લગતા નીતિ વિષયક નિર્ણયો લેવામાં રાજ્ય અને રાષ્ટ્રીય કક્ષાએ ડાયસની માહિતીને આધારભૂત ગણી તેનો ઉપયોગ કરવામાં આવે છે.

<u>શિક્ષણનો અધિકાર અધિનિયમન -૨૦૦૯ ની કલમ -૧૨ (૩) તથા ગુજરાત રાઈટ ટુ એજ્યુકેશન રૂલ્સ ૨૦૧૨ માં નિયમ -૧૩ (૧)(જ)(ઝ) અને તે સાથેના પરિશિષ્ટ-૨ ના નમુના -૨ ની શરતોની શરત -૧૦ અને ૧૭ અનુસાર દરેક શાળાઓને આ માહિતી આપવી ફરજિયાત છે.આ અંગે ઉપરોક્ત તમામ શાળાઓની નોંધણી યુ-ડાયસ અંતર્ગત થવી જરૂરી છે. અન્યથા શાળાની માન્યતા રદ થઈ શકે છે.</u>

૧. તમામ શાળાઓએ ડાયસ ફોર્મમાં શાળાકીય માહીતી, શાળાની ભોતિક સુવિધાઓ અને સાધનોની માહીતી, શિક્ષકો અને ઈન્સ્ટ્રક્ટરની માહિતી (મુખ્ય શિક્ષક સહિત), નવુ નામાંકન ધોરણ-૧ ની માહિતી, ચાલુ શૈક્ષણિક વર્ષનું નામાંકન (સામાજિક જાતિ પ્રમાણે),ચાલુ શૈક્ષણિક સત્રમાં ધોરણવાર નામાંકન (ઉમર પ્રમાણે) તથા મીડીયમ પ્રમાણે નામાંકન (તમામ) તમામ માહીતી, વિશિષ્ટ જરુરીયાત ધરાવતા (C.W.S.N) બાળકોની માહિતીફરજીયાત સ્પષ્ટ અને સાચી ભરવાની રહેશે.

૨. શિક્ષકો અને ઈન્સ્ટ્રક્ટરની માહિતીમાં શિક્ષકોને આધારકાર્ડ તથા શિક્ષકોના મોબાઈલ નંબરની માહિતી આપવી ફરજિયાત આપવાની રહેશે. અન્યથા જે શિક્ષકોનો આધારકાર્ડ, મોબાઈલ નંબરની માહિતી આપવામાં આવેલ નહી હોય તે શિક્ષકોની જેતે શાળામાં એન્ટ્રી કરવામાં આવશે નહી. શાળાના વહીવટી સ્ટાફ અને પ્રવાસી શિક્ષકો, કોન્ટ્રાક્ટ શિક્ષકોની માહિતી ડાયસ ફોર્મમાં દર્શાવવી નહી.

૩. આપની શાળાનું યુ-ડાયસ ફોર્મમાં પત્રકમાં -ચાલુ શૈક્ષણિક વર્ષનું નામાંકન (સામાજિક જાતિ પ્રમાણે),ચાલુ શૈક્ષણિક સત્રમાં ધોરણવાર નામાંકન (ઉમર પ્રમાણે) તથા મીડીયમ પ્રમાણે નામાંકન (તમામ) આપની શાળાએ આધાર ડાયસમાં કરેલ બાળકોની એન્ટ્રી મુજબ ભરવાની રહેશે. આધાર ડાયસમાં તે મુજબ બાળકોની એન્ટ્રીની જવાબદારી મુખ્ય શિક્ષકશ્રીઓની રહેશે.

૪. યુ-ડાયસ ફોર્મ માં શાળાનું વિવરણ માં એસ.એમ.સી ના સભ્યોની સંખ્યાની વિગતો તથા એસ.એમ.સી બેંક નુ નામ, શાખાનુ નામ,ખાતાનુ નામ,ખાતાનં તથા આઇ.એફ.એસ.સી કોડ વિગતો ફરજિયાત આપવાની રહેશે.

સદર ડાયસ ફોર્મ અંગે ની માહિતી યુ-ડાયસ ફોર્મમાં માહિતી આપવાની જવાબદારી શાળાઓના મુખ્ય શિક્ષકશ્રીઓની રહેશે.

યુ-ડાયસ ના ફોર્મ ભરવા માટે અત્રેની કચેરી તરફથી નગર પ્રા.શિ.સમિતિ,અમદાવાદ એસ.એસ.એ કચેરીના (વોર્ડ)કલ્સ્ટરના તમામ સી.આર.સી.કો-ઓર્ડિનેટરનેએમ.એસ.બી શાળાઓના યુ ડાયસ ફોર્મ આપવામાં આવેલ છે જે તમામ શાળાઓ ના આચાર્યશ્રીઓએ પોતાના (વોર્ડ) કલ્સટર ના યુ.આર.સી /સી.આર.સી કો.ઓ નો સંમ્પર્ક કરી આપનીશાળાનું યુ-ડાયસ ફોર્મ મેળવી માહિતીભરી સી.આર.સી કો.ઓ ને તા.૧૭/૦૬/૨૦૨૨સુધીમાં પરત કરવાના રેહશે.

તા.૧૫-૦૬-૨૦૨૨

ડૉ.એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી

પરિપત્ર નં.૨૭ - A તા.૧૫-૦૬-૨૦૨૨

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય : ધોરણ ૧ના વિદ્યાર્થીઓ માટે વિદ્યાપ્રવેશ સાહિત્યના ઉપયોગ બાબત.

સંદર્ભ : પત્રક્રમાંકઃસમગ્રશિક્ષા/ક્યુઈસેલ/૧/૨૦૨૨/૧૮૮૧૪-૯૧૪ તા.૧૩/૬/૨૨

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, નેશનલ એજ્યુકેશન પોલીસી ૨૦૨૨ અંતર્ગત એનસીઈઆરટી દ્વારા આપવામાં આવેલ નિર્દેશાનુસાર જુન-૨૦૨૨થી ધોરણ ૧માં પ્રવેશ લીધેલા બાળકોને વિદ્યાપ્રવેશ કાર્યક્રમ યોજવાનું આયોજન કરેલ છે. જીસીઈઆરટી અને સમગ્ર શિક્ષા દ્વારા વિદ્યાપ્રવેશ શિક્ષક આવૃતિ અને વિદ્યાર્થી પ્રવૃતિપોથી તૈયાર કરી સી.આર.સી.ના માધ્યમથી શાળા કક્ષાએ પહોંચાડવામાં આવેલ છે. તા.૦૪-૦૫ મે ૨૦૨૨ના રોજ બાયસેગના માધ્યમથી ધો.૧ અને ૨ પ્રજ્ઞા અભિગમના શિક્ષકોને તાલીમ આપવામાં આવેલ છે. તેમજ આગામી સમયમાં આ અંગે તાલીમનું આયોજન થનાર છે. વિદ્યાપ્રવેશ સાહિત્યની સોફટ કોપી પણ http://samagrashiksha.ssagujarat.org પર ઉપલબ્ધ છે. બાળકોને ૧૦ અઠવાડિયામાં કરવાની પ્રવૃતિઓ રોજે-રોજ પૂર્ણ કરાવવાની રહેશે. મુખ્ય શિક્ષકશ્રીએ માર્ગદર્શન અને મોનીટરીંગ કરવાનું રહેશે.

તા.૧૫-૦૬-૨૦૨૨

ડૉ.એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી